BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]
Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 : www.bknmu.edu.in || registrar@bknmu.edu.in

---

**NO.BKNMU/CULTURAL CELL/66/2026** **DATE:- 14/10/2026**

**વિષય** :- **"ગુજરાત રાજ્ય સાંસ્કૃતિક વકતૃત્વ સ્પર્ધા – ૨૦૨૬"** આયોજન કરવા બાબત.
**સંદર્ભ :- ઉચ્ચ શિક્ષણ કચેરીનો** પત્ર: File No: KCG/Gen/e-file/269/2026/0757/EXTENSION

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સ્થિત વિવિધ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓને જણાવવામા આવે છે કે, ઉચ્ચ શિક્ષણ વિભાગ અને સેવ કલ્ચર, સેવ ભારત ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ગુજરાત રાજ્ય સાંસ્કૃતિક વકતૃત્વ સ્પર્ધા (GSVS) નું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધા યુવાનોમાં સાંસ્કૃતિક અને નૈતિક મુલ્યો પ્રસ્થાપિત કરવા અને સ્પર્ધકોની જાહેર ભાષણ અને નેતૃત્વની કળા વિકસાવવા એક પ્રભાવી માધ્યમ બનશે. આ અંગે આપની સંસ્થાના વિધાર્થી ભાઈઓ અને બહેનોને સહભાગી થવા અને **સ્પર્ધામા વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવા** આ સાથે જાણ કરવામાં આવે છે.

ઉચ્ચ શિક્ષણ વિભાગ અને સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશનના ઉપક્રમે ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા (GSVS) ૨૦૨૬નું આયોજન કરવામાં આવેલ છે. આ કામગીરીનું સુચારુ સંચાલન થઈ શકે તે માટે GSVS Public Portal તથા COGENT હેઠળ GSVS Activity Portal પર ઓનલાઈન વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જે અંતર્ગત નીચે મુજબની કામગીરી કરવાની રહેશે.

૧. **વિધાર્થી રજીસ્ટ્રેશન**:- સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા વિધાર્થીઓએ GSVS Public Portal https://gsvs.gujgov.edu.in Student Registration → જરૂરી વિગતો દાખલ કરી → Submit Registration કરવાનું રહેશે. સંબંધિત કોલેજોએ વિદ્યાર્થીઓને જાણ કરી, પાત્રતા ધરાવતા (જન્મ તારીખ ૦૧-૦૧-૨૦૦૦ પછીની) અને ઇચ્છુક વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૨. **Coordinator દ્વારા કામગીરી**:- સંસ્થા દ્વારા નિયુક્ત GSVS Coordinator દ્વારા **COGENT – GSVS Activity Portal** પર લોગીન કરી નીચે મુજબ ઓનલાઈન કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

**(ક) My Events:-** કોલેજની GSVS ઇવેન્ટ ઉમેરી જરૂરી વિગતો દાખલ કરવી.

**(ખ) Post Event Report:-** ઇવેન્ટ પૂર્ણ થયા બાદ જરૂરી માહિતી તથા જ્યાં લાગુ પડતું હોય ત્યાં ફોટોગ્રાફ્સ/દસ્તાવેજો સહિત રિપોર્ટ રજૂ કરવો.

**(ગ) Student Attendance**:- ભાગ લેનાર વિદ્યાર્થીઓની હાજરી નોંધી રજૂ કરવી.

**(ઘ) Inaugural Event Report:-** GSVSના ઉદ્ઘાટન કાર્યક્રમનો રિપોર્ટ અલગથી રજૂ કરવો.

૩. **જવાબદારી**:- પોર્ટલ પર માહિતી દાખલ કરવાની, ખરાઈ કરવાની અને રજૂ (Submit) કરવાની જવાબદારી નિયુક્ત GSVS Coordinatorની રહેશે. આ કામગીરી ચોકસાઈપૂર્વક અને નિયત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે આચાર્યશ્રીએ સુનિશ્ચિત કરવાનું રહેશે.

**Portal Process Flow: Student Registration (GSVS Public Portal) → Coordinator Login (COGENT - GSVS Activity Portal) → My Events → Post Event Report → Student Attendance → Inaugural Event Report → Final Submission**

COGENT પોર્ટલ સંબંધિત કોઈપણ પ્રશ્ન/માર્ગદર્શન માટે info-cogent@gujgov.edu.in પર ઈ-મેઈલ દ્વારા સંપર્ક કરી શકાશે.
આ કામગીરીને અગ્રતા આપી જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

**લિંક :-** **https://gsvs.gujgov.edu.in**

**માર્ગદર્શન :-** **info-cogent@gujgov.edu.in**

**વિડીયોગ્રાફી:-** **https://www.instagram.com/reel/DedqHfIN1iT/?utm_source=ig_web_copy_link&srtk=MzRlODBiNWFlZA==**

- **ગુજરાત રાજ્ય સાંસ્કૃતિક વકતૃત્વ સ્પર્ધાના વિષયો :-**
  1 ) નશા મુક્ત ભારત અભિયાન અને સ્વચ્છ સાયબર ભારત મિશન.
  2 ) વિકસિત ભારત ૨૦૪૭: આત્મનિર્ભર ભારત.
  3 ) સંસ્કૃતિ અને સંસ્કાર : રાષ્ટ્રના અસ્તિત્વનો આધાર.
  4 ) કડવા ફળ છે ક્રોધના.
  5 ) ભારતીય નાગરિક તરીકેની ફરજો. કલમ 51(A)

---

- **ઉપરોક્ત વકતૃત્વ સ્પર્ધાઓનું આયોજન કરવાની તારીખો :-**

  1 ) કોલેજ કક્ષાએ ( વર્ગખંડ કક્ષાએ ) :- **તા. 17-10-2026 સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.**

  2 ) ઝોનલ / યુનિવર્સિટી અને રાજ્ય કક્ષાએ :- **હવે પછી થી જાણ કરવામાં આવશે**.

**નોંધ:**- ઉક્ત સ્પર્ધામાં ભાગલેવા ઈચ્છુક ઉમેદવારનો જન્મ **01-01-2000** પછી થયો હોવો જરૂરી છે.

( **વધુ માહિતી માટે info-cogent@gujgov.edu.in વેબસાઇટની મુલાકાતલો.)**

**બીડાણ :-**

સંદર્ભપત્ર.

**કો-ઓર્ડીનેટર,**
**કલ્ચરલ સેલ**
**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,**
**જૂનાગઢ**

**પ્રતિ**,

1 ) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ,

2 ) યુનિવર્સિટી સ્થિત તમામ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ,

3 ) માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ.

**નકલ સાદર રવાના :-**

માન. કુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી (જાણ અર્થે)

**KNOWLEDGE CONSORTIUM OF GUJARAT**
Registered Society under the Department of Education
Pragna Puram Campus, Opposite PRL, Near L.D College of Engineering,
Navarangpura, Ahmedabad, Gujarat 380015, India
Email : kcgextension@gmail.com Website: https://kcg.gujarat.gov.in/

પ્રતિ,
રજીસ્ટારશ્રી, તમામ સરકારી અને ખાનગી યુનિવર્સીટીઓ, ગુ.રા
આચાર્યશ્રી, તમામ સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલજો, ગુ. રા.

શ્રીમાન,

ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત ૨૦૪૭' અને આત્મનિર્ભર ભારત' ના સ્વપ્નને સાકાર કરવા માટે યુવાઓંનું મહત્વપૂર્ણ યોગદાન રહેલું છે. માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દીર્ઘદ્રષ્ટિપૂર્ણ માર્ગદર્શન હેઠળ, રાજ્યના યુવાધનમાં ઉચ્ચ જ્ઞાનની સાથે સાથે શ્રેષ્ઠ ચારિત્ર્ય, વિનય, વિવેક, માન, મર્યાદા, સુશીલતા અને રાષ્ટ્રભક્તિના ગુણોનું સિંચન કરવું અત્યંત આવશ્યક છે.

આ ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને, ઉચ્ચ શિક્ષણ વિભાગ અને સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશનના ઉપક્રમે ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા (GSVS) ૨૦૨૬નું આયોજન કરવામાં આવેલ છે, જેને "સંસ્કાર સિંચનનો મહાકુંભ" તરીકે ઓળખવામાં આવશે. આ સ્પર્ધા યુવાનોમાં સાંસ્કૃતિક અને નૈતિક મૂલ્યો પ્રસ્થાપિત કરવા, અને તેમની જાહેર ભાષણ અને નેતૃત્વ કળાની કુશળતા વિકસાવવા માટેનું એક પ્રભાવી માધ્યમ બનશે.

**૧. તાલીમ અને કૌશલ્ય વિકાસ**

આ સ્પર્ધા માત્ર એક હરીફાઈ ન રહેતાં, વિદ્યાર્થીઓને સર્વાંગી વિકાસ માટે એક મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડશે.

- વિદ્યાર્થીઓને નેતૃત્વના ગુણો, વક્તૃત્વની તકનીકો, સાંસ્કૃતિક અને નૈતિક મૂલ્યો, અને આત્મનિર્ભર ભારત માટે જાગૃતિ જેવા વકતૃત્વ સ્પર્ધાના વિવિધ વિષયો પર તાલીમ આપવામાં આવશે. વક્તાઓં અને નીતિ નિર્ધારકો દ્વારા વિવિધ યુનિવર્સિટીઓ અને કોલેજોમાં સેમિનારનું ઓનલાઈન / ઓફલાઈન આયોજન કરી તાલીમ આપવામાં આવશે.

આમ, ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા – ૨૦૨૬નું આયોજન નીચે મુજબની વિગતે આયોજન કરવાનું થાય છે.

**૨. સ્પર્ધાના તબક્કાઓ**

**આ સ્પર્ધા મુખ્ય ચાર તબક્કામાં વહેંચાયેલી છે:**

A. **પ્રથમ તબ્બકો - ક્લાસ કક્ષાની સ્પર્ધા:** દરેક ક્લાસમાં 3 મિનિટનો સ્ક્રિનિંગ રાઉન્ડ યોજવામાં આવશે. તેમાંથી ક્લાસ દીઠ 3 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવશે. ભાગ લેનાર દરેક વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવશે.

B. **બીજો તબ્બકો- કોલેજ કક્ષાની સ્પર્ધા** : દરેક ક્લાસ દીઠ પસંદગી પામેલા 3 વિદ્યાર્થીઓની વચ્ચે કોલેજ કક્ષાની સ્પર્ધા યોજવાની રહેશે.

આ સ્પર્ધા રાજ્યની તમામ સરકારી – અનુદાનિત – સ્વનિર્ભર કોલેજો અને યુનિવર્સીટીઓમાં યોજાશે. કોલેજ કક્ષાની સ્પર્ધા જાહેરમાં કોલેજના માં યોજવાની રહેશે

**પાત્રતા: જે વિદ્યાર્થીઓની જન્મ તારીખ 01-01-2000 પછીની હોય, તેઓ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.**

દરેક કોલેજમાંથી ફેકલ્ટી દીઠ એક વિદ્યાર્થીની ઝોનલ કક્ષા માટે પસંદગી કરવામાં આવશે. (દાખલા તરીકે આર્ટસ, કોમર્સ અને સાયન્સ ફેકલ્ટીના એક-એક વિદ્યાર્થી ની પસંદગી કરવામાં આવશે.)

વક્તવ્ય: 5 મિનિટનું વક્તવ્ય આપવાનું રહેશે.

- ઇનામ: પ્રથમ ક્રમાંક મેળવનારને ₹1,100નું ઇનામ અને 'બેસ્ટ સ્પીકર ઓફ કૉલેજ'ની ટ્રોફી આપવામાં આવશે.

C. **ત્રીજો તબ્બકો - ઝોનલ કક્ષાની સ્પર્ધા:**

- વક્તવ્ય: 5 મિનિટનું વક્તવ્ય આપવાનું રહેશે.
- કુલ સ્પર્ધકોમાંથી 20% વિદ્યાર્થીઓ ફાઇનલ રાઉન્ડ માટે ક્વોલિફાય થશે.
- ઇનામ: ફાઇનલ રાઉન્ડ માટે ક્વોલિફાય થનાર દરેક વિદ્યાર્થીને ₹11,000નું ઇનામ આપવામાં આવશે. Sanskrutik Speaker of Gujaratની ટ્રોફી & Certificateઆપવામાં આવશે.
- ઝોનનું વિતરણ : ગુજરાતની કોલેજોના વિદ્યાર્થીઓ નીચે આપેલા ઝોન અનુસાર સ્પર્ધામાં ભાગ લેશે.

Table:01

| ક્રમ | જિલ્લાઓ | યુનિવર્સિટી |
|---|---|---|
| ૧ | જુનાગઢ, પોરબંદર, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા | ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ |
| ૨ | અમરેલી, જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર અને મોરબી | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ |
| ૩ | ભાવનગર, બોટાદ | મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી |

| ક્રમ | જિલ્લાઓ | યુનિવર્સિટી |
|---|---|---|
| ૪ | ખેડા, આણંદ | સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર |
| ૫ | પંચમહાલ, દાહોદ, મહિસાગર, છોટા ઉદેપુર | શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા |
| ૬ | કચ્છ | ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી |
| ૭ | સુરત, નવસારી, વલસાડ, નર્મદા, ડાંગ, ભરૂચ અને તાપી | વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત |
| ૮ | મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી | હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ |
| ૯ | વડોદરા | મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા |
| ૧૦ | ગાંધીનગર | રાષ્ટ્રીય ફોરેન્સિક વિજ્ઞાન યુનિવર્સિટી – ગાંધીનગર |
| ૧૧ | અમદાવાદ | ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

**D. ચોથો તબ્બકો - ફાઇનલ રાઉન્ડ (ગુજરાત સ્તર):**

- આ એક શિબિર કાર્યક્રમ છે.ઝોનલ કક્ષાએ ક્વોલિફાય થયેલા વિદ્યાર્થીઓએ પોતાના 5 મિનિટના વક્તવ્ય આપશે. પાંચ અલગ-અલગ વિષયો પર ચર્ચા થશે, જેમાં દરેક વિદ્યાર્થીને ચર્ચાની શરૂઆતમાં 1 મિનિટની ઓપનિંગ સ્પીચ આપવાની તક મળશે.
- પુરસ્કાર: Best Sanskrutik Speaker of Gujaratની ટ્રોફી & Certificate આપવામાં આવશે.
    - પ્રથમ વિજેતા: ₹1,00,000
    - દ્વિતીય વિજેતા: ₹71,000
    - તૃતીય વિજેતા: ₹51,000

વક્તૃત્વ સ્પર્ધા ૨૦૨૬માં નીચે મુજબના વિષય પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવાનું છે.

વિષયો:

**૧. નશા મુક્ત ભારત અભિયાન અને સ્વચ્છ સાયબર ભારત મિશન**

- પ્રસ્તાવના:
- દારૂ, તમાકુ, ધુમ્રપાન, અશ્લીલ કાર્યક્રમો અને સોશિયલ મીડિયાનો બેફામ ઉપયોગ જેવા જીવન બરબાદ કરનારા તત્વો. અને તેનાથી વ્યક્તિગત સ્તરે થતું શારીરિક, માનસિક અને આર્થિક નુકસાન,સમાજ અને પરિવાર પર તેની ઘાતક અસરો.
- સ્વચ્છ સાયબર ભારત મિશન: OTT, સોશિયલ મીડિયા અને ઇન્ટરનેટ પર ફેલાતી માનસિક ગંદકી સામેની લડાઈ.
- યુવાનોના મન, શરીર અને આત્મા પર અશ્લીલ અને વિકૃત કન્ટેન્ટની ઘાતક અસર.
- યુવાધનને બરબાદ કરતી ઓનલાઇન ગેમિંગ અને નારી ગરિમા વિરોધી એપ્સ પર ડિજિટલ સર્જિકલ સ્ટ્રાઈકની સમાજ પર અસર અને તેનાથી સમાજ અને રાષ્ટ્રને થનારા ફાયદા
- ઉપસંહાર:

**૨. વિકસિત ભારત ૨૦૪૭: આત્મનિર્ભર ભારત**

- પ્રસ્તાવના:
- માનનીય વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત ૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવા આત્મનિર્ભરતાનું મહત્વ.
- ગ્રામીણ અર્થવ્યવસ્થાને મજબૂત કરીને ગ્રામોત્થાનથી રાષ્ટ્રોત્થાન.
- "Be Bhartiya, Buy Bhartiya" નો સંકલ્પ - સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ એ રાષ્ટ્ર પ્રત્યેનું કર્તવ્ય અને ગૌરવ છે.
- સ્થાનિક ઉત્પાદન – Vocal for Local – Make in Indiaને પ્રોત્સાહન.
- Startup India – Digital India - ઉદ્યોગસાહસિકતા અને નવીનતાને પ્રોત્સાહન.
- આત્મનિર્ભર ભારત માટે દરેક નાગરિકના યોગદાનની આવશ્યકતા
- ઉપસંહાર

**3. સંસ્કૃતિ અને સંસ્કાર: રાષ્ટ્રના અસ્તિત્વનો આધાર**

- પ્રસ્તાવના:
- સાંસ્કૃતિક મૂલ્યો અને સંસ્કાર માનવ નિર્માણ માટે આવશ્યક
- "સંસ્કૃતિ બચાવો, ભારત બચાવો": આપણી ઓળખ અને અસ્તિત્વ માટે સાંસ્કૃતિક મૂલ્યોનું રક્ષણ.
- ચારિત્ર્ય ઘડતરમાં સંસ્કારોની ભૂમિકા અને સંસ્કાર આપનારનું સ્થાન.

- ઋણ: જન્મદાતા માતા-પિતા, જ્ઞાનદાતા ગુરૂ અને જીવનદાતા ભારત માતા.
- સંસ્કૃતિ અને સંસ્કારોને જાળવી રાખીને મજબૂત રાષ્ટ્રનું નિર્માણ.
- ઉપસંહાર:

**૪. કડવા ફળ છે ક્રોધના**

- પ્રસ્તાવના
- જીવનને બરબાદ કરતા તત્વો: કામ – ક્રોધ
- કામ – ક્રોધ પર નિયંત્રણ અને ક્ષમા અને સદાચાર જેવા ગુણ દ્વારા સંબંધોની જાળવણી.
- સફળ જીવનની માસ્ટર કી: માથા પર આઈસ ફેક્ટરી અને મુખમાં સુગર ફેક્ટરી
- "ક્ષમા વીરસ્ય ભૂષણમ્": ક્ષમા એ વીરોનું આભૂષણ છે.
- **Let Go & Let God:** વિપરીત પરિસ્થિતિઓ અને વિચારોને સમજવાની અને સ્વીકારવાની શક્તિ – નમીજા અને ખમીજા: સહનશીલતાનું મહત્વ.
- વાણી, વર્તન, વ્યવહાર, વિચાર અને વસ્ત્રોમાં સંયમ અને મર્યાદાનું પાલન.
  શાંતિ અને ક્ષમાના માર્ગને અપનાવીને સુખી – સંયમિત જીવન જીવી શકાય
- ઉપસંહાર

**૫. ભારતીય નાગરિક તરીકેની ફરજો: કલમ ૫૧(A)**

- પ્રસ્તાવના:
- ભારતીય બંધારણની કલમ ૫૧(ક)માં આપેલી મૂળભૂત ફરજો
- રાષ્ટ્ર પ્રત્યેની ફરજો (ડ્યુટી) નું મહત્વ.
- "સ્વતંત્રતા મર્યાદાથી સુશોભિત હોય છે."
- વર્તમાન સમયમાં તેના પાલનની આવશ્યકતા: અધિકારોની સાથે ફરજોનું પાલન પણ જરૂરી
- એક જવાબદાર નાગરિક તરીકે ફરજો નિભાવીને રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપવું.
- ઉપસંહાર:

ઉપરોક્ત પાંચ વિષયો અને તેના આંતરિક મુદ્દાઓ પરથી કોઈ પણ એક વિષય ઉપર સ્પર્ધકે વક્તવ્ય આપવનું રહેશે.

**ઉપરોક્ત વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવાની તારીખો:**

- **કોલેજ કક્ષાએ (વર્ગખંડ કક્ષાએ) : ૦૧/૧૦/૨૦૨૬ થી ૧૭/૧૦/૨૦૨૬**
- **ઝોનલ/યુનિવર્સિટી કક્ષા અને રાજ્યકક્ષા: હવે પછી થી જણાવવામાં આવશે**

**સ્પર્ધામાં ભાગ લેવા માટે નું રજીસ્ટ્રેશન પોર્ટલ :**

આ વકૃત્વ સ્પર્ધા માટે કોલેજો અને ઝોનલ યુનિવર્સીટીએ કરવાની થતી કામગીરીની વિગતો:

- તમામ કોલેજોએ કોલેજમાં વકૃત્વ સ્પર્ધાનું ઉપરોક્ત તારીખો સુધીમાં આયોજન કરીને પ્રથમ વિજેતા નક્કી કરીને વિજેતાઓની વિગતો(વિજેતાનું નામ, વિજેતાની બેંકની વિગત વગેરે) નિયત કરેલ નમુનામાં(કોલેજના આચાર્યશ્રીની સહીથી) સબંધિત ઝોનલ યુનિવર્સીટીને સ્પર્ધા પૂર્ણ થયેથી તરતજ ઓનલાઈન મોકલી આપવાની રહેશે.આજ રીતે ઝોનલ કક્ષાની વકૃત્વ સ્પર્ધાનું ઉપરોક્ત તારીખોમાં આયોજન કરીને પ્રથમ-દ્વિતીય-તૃતીય વિજેતા નક્કી કરીને વિજેતાઓની વિગતો (વિજેતાનું નામ, વિજેતાની કોલેજ/યુનિવર્સીટીનું નામ વિજેતાની બેંકની વિગત વગેરે) નિયત કરેલ નમુનામાં(ઝોનલ યુનિવર્સીટીના રજીસ્ટ્રારશ્રીની સહીથી) મોકલી આપવાની રહેશે. કેસીજી કચેરી દ્વારા કોલેજ કક્ષા અને ઝોનલ કક્ષાના વિજેતાઓના ઇનામની રકમ સબંધિત ઝોનલ યુનિવર્સીટીને ફાળવવામાં આવશે. સબંધિત ઝોનલ યુનિવર્સીટી દ્વારા વિજેતાઓને ખરાઈ કરીને વિજેતાઓને DBT મારફત ઈનામની રકમ આપવાની રહેશે.
- આ સ્પર્ધા માટે સબંધિત કોલેજ અને સબંધિત ઝોનલ યુનિવર્સીટીએ કો-ઓર્ડીનેટરની નિમણુક કરવાની રહેશે. તથા આ નોડલ ઓફિસરની વિગતો કેસીજી કચેરીને ઝોનલ યુનિવર્સીટી મારફત મોકલી આપવાની રહેશે
- આ સમગ્ર સ્પર્ધાના મોનીટરીંગ માટે ઉચ્ચ શિક્ષણની કચેરી NSS શાખા તથા કેસીજી કચેરી દ્વારા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના સંકલનમાં રહી કરવામાં આવશે.
- સ્પર્ધાના પ્રચાર – પ્રસાર માટે પોસ્ટર – બેનર કોલેજના નોટીસ બોર્ડ પર લગાડવાના રહેશે.
- આ સ્પર્ધાનું શ્રેષ્ઠતમ આયોજન કરનાર ૨૦ કોલેજ - યુનિવર્સિટીના કો-ઓર્ડીનેટર – આચાર્યશ્રીને સન્માનિત કરવામાં આવશે.

રોકડ પુરસ્કારની રકમ નીચે મુજબ છે.

Table:02

| Sr. No. | Description | College Level | Zone Level (11 Zone) | State Level |
|---|---|---|---|---|
| | | "Best Speaker of College" | "Sanskrutik Speaker of Gujarat" | "Best Sanskrutik Speaker of Gujarat" |
| 1 | First Prize (Nos.1) | Rs.1,100.00 | Rs.11,000.00 (20% Qualified Students from | Rs.1,00,000.00 |
| 2 | Second Prize (Nos.1) | - | | Rs.71,000.00 |

| | | | | |
|---|---|---|---|---|
| 3 | Third Prize (Nos.1) | - | Zone level Participation) | Rs.51,000.00 |

દિલીપ રાણા (IAS)
કમિશ્નર, ઉચ્ચ શિક્ષણ, ગુ.રા.
અને સીઈઓ, કેસીજી

નકલ રવાના જાણ સારું :

- અધિક મુખ્ય સચિવશ્રી, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ, ગુ, રા.
- જોઈન્ટ સીઈઓ, (એક્સ્ટેન્શન), કેસીજી, ગુ.રા.
- નાયબ નિયામકશ્રી, (NSS), ઉચ્ચ શિક્ષણ, ગુ, રા.
- શ્રી અભય શાહ, સંયોજક, સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશન